# Dr.Babasaheb Ambedkar Open University, Ahmedabad

## ઓનલાઈન એડમીશન B.Ed. (ODL) ફોર્મ ભરવા અંગે અગત્યની સૂચનાઓ

**બી.એડ્. પ્રવેશ માટે યોગ્યતા** : NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Modeથી **PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed.** જેવો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા શિક્ષક તરીકે હાલ સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લઘુત્તમ બે વર્ષનો પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ તેમજ UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અથવા આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 45%) અને એન્જીનિયરીંગ/તક્નીકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન વિષયમાં 55% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 50%) સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા નોકરીમાં કાર્યરત (In-Service Teachers) શિક્ષકો જ આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે.

**Note: B.Ed.(ODL) પ્રવેશ માટે ઇચ્છુક ઉમેદવારે પોતાની પ્રવેશ લાયકાત ચકાસ્યા બાદ જ GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું.**

- ઉમેદવારે સૌ પ્રથમ ગુજરાત સરકારના કોમન એડમીશન સર્વિસના (GCAS) પોર્ટલ https://gcas.gujgov.edu.in/ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. **જેના માટે ઉમેદવારે PG વિકલ્પ પસંદ કરવાનો રહેશે.** GCAS રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ થયા બાદ રજીસ્ટ્રેશન ફોર્મની PDF જનરેટ થશે.
- GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કર્યા બાદ BAOU પોર્ટલ **www.baou.edu.in** પર ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન સેન્ટર પર નહિ પરંતુ ફોર્મ સાથે ડોક્યુમેન્ટ નિયત સમય મર્યાદામાં જમા કરાવ્યા બાદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.
- GCAS પોર્ટલ પરથી મળેલ યુઝરનેઈમ-પાસવર્ડની મદદથી ઉમેદવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર બી.એડ્. માટેની લીંક પર લોગ ઇન કરીને નામ, જાતિ, અને વિષય સ્નાતક/અનુસ્નાતક કક્ષાના (Method-1 વિષયની પ્રવેશ પરીક્ષા આપવાની હોય તે સૂચિત પ્રવેશ પરીક્ષા કેન્દ્ર)ની વગેરે વિગતો ભરવી.
- દરેક વિગત કેપિટલ લેટર્સમાં ભરવી.
- પ્રવેશ પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત રહેશે.
- મેરીટ તેમજ વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે અભ્યાસકેન્દ્ર ફાળવવામાં આવશે.
- B.ED.માં Method-1 સ્નાતક/અનુસ્નાતકના મુખ્ય વિષયમાં આપવાની રહેશે. B.ED.માં Method-1 રાખેલ હોય તે વિષયમાં જ Entrance Test આપવાની હોય છે.
- BAOU પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા જણાય કે ક્ષતિ થાય તો **admission.info@baou.edu.in** ઈ-મેઈલ ID પર Screen-Shot, Mobile No. User name અને Password સાથેનો ઈ-મેઈલ કરવો.
- ઉમેદવારે વ્હોટ્સએપ નંબર અને ઈ-મેલ પોતાના જ આપવા.
- પરીણિત બહેનોએ લગ્ન પછીના નામ અંગેની ગેઝેટની કોપી હોય, તો જ બદલાયેલ નામથી ફોર્મ ભરવું. જો તે ન હોય તો શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટમાં દર્શાવેલ નામથી જ ફોર્મ ભરવું.

**Note: એકવાર પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા બાદ આ વિગતો બદલી શકાશે નહિ, તેથી ધ્યાનપૂર્વક વિગતો ભરીને ફાઈનલ સબમિટ કરશો.**

**બિડાણ કરવાના પ્રમાણપત્રો:**

1. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.)
2. સ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર બીડવા ફરજિયાત છે. (B.A./B.Com./B.Sc./B.E.) (સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ 50% ગુણ હોવા જરૂરી છે)
3. અનુસ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર બીડવા ફરજિયાત છે.(લાગુ પડતું હોય તો) (M.A./M.Com./M.Sc./M.E.)
4. NCTE માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Modeનાં અભ્યાસક્રમની માર્કશીટ તથા કોડ નંબર સાથેનું પ્રમાણપત્ર (PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed. વગેરે)
5. કુલ અનુભવના પ્રમાણપત્રો (આજ સુધી નોકરી કરેલ દરેક શાળાના અનુભવના પ્રમાણપત્રો જોડવા ફરજિયાત છે)
6. હાલ નોકરીમાં કાર્યરત છો તેનું પ્રમાણપત્ર (તા.15/06/2025 પછીનું)
7. જાતિનું પ્રમાણપત્ર (SC/ST ઉમેદવારો માટે)
8. SEBC જાતિનું પ્રમાણપત્ર નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ સાથે આપવાનું રહેશે. નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ તા.31/03/2025 પછીની તારીખનું હોવું જોઈએ. **જો હાલનું નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ** તા.31/03/2025 **પહેલાનું હોય પણ તેની માન્યતા 3 વર્ષની હોય, તો** આવા ઉમેદવારે તેમની આવકની પુષ્ટિ માટે **ફોર્મ-16 અથવા પગાર સ્લીપ** આપવી જરૂરી છે.
9. EWS સર્ટિફિકેટ (લાગુ પડતું હોય તો)
10. દિવ્યાંગ(વિકલાંગ) હોવા અંગેનું માન્ય પ્રમાણપત્ર(PH) (વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર)
11. આધારકાર્ડની નકલ.

- ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ 'Final Admission Submission' પર ક્લિક કરવાનું રહેશે. જે કરવાથી પ્રવેશાર્થીનું e-Admission Form PDFમાં જનરેટ થશે. જે પ્રિન્ટ કરવાનું રહેશે.
- પ્રિન્ટ કરેલ પ્રવેશ ફોર્મની સાથે ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટસની (Self-attested) સ્વયં પ્રમાણિત કરેલ કોપીનું બીડાણ કરી તા.05/08/2025 સુધીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સ્વખર્ચે રૂબરૂ યુનિવર્સિટીના રિસેપ્શન કાઉન્ટર પર ઇનવર્ડ કરાવવાનું રહેશે અથવા નીચે આપેલ સરનામે, રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં પહોંચે તે રીતે ફરજિયાત મોકલવાનું રહેશે. અનુભવનું પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીશ્રી/શાળાના કાર્યરત પ્રિન્સિપાલ અને શાળામા પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હોય તો તેઓએ અનુભવના પ્રમાણપત્ર પર ઉપલા અધિકારીની કાઉન્ટર સહી સાથે) મોકલવું.

Note: જે ઉમેદવારના પોતાના સર્ટીફિકેટ અન્ય કચેરીએ જમા લીધેલ હોય તો તેવા ઉમેદવારે તે અંગેની પહોંચની પ્રમાણિત નકલ જોડવી.

- પ્રવેશ, પરીક્ષા અને અન્ય સૂચનાઓ માટે નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ www.baou.edu.in જોવા વિનંતી.

**સરનામું :**

Admission Department

Dr. Babasaheb Ambedkar Open University

'Jyotirmay' Parisar,

Sarkhej-Gandhinagar Highway,

Chharodi, Ahmedabad-382 481